# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું જાહેરનામું

ક્રમાંક:ટ્રાફિક/સરદાર માર્કેટ ઓવરબ્રિજ/જાહેરનામું/ ૭૨૦ /૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર.
તા.૧૭/૦૩/૨૦૨૫

સુરત શહેર વિસ્તારમાં આવેલ સરદાર માર્કેટ સામે નવા ઓવર બ્રીજનું કામ હાલમાં પ્રગતિ હેઠળ હોય જેના કારણે બોમ્બે માર્કેટ ઓવર બ્રિજ ઉતરતાથી ઇન્ટરસિટી ખાડી સુધી તેમજ ઇન્ટરસિટી ખાડીથી અવધ માર્કેટ સુધી બન્ને સાઇડના રોડ ઉપર બેરીકેટીંગ કરેલ હોવાના કારણે રસ્તો સાકડો થઇ જવાના કારણે ટ્રાફિકની સમસ્યા રહેતી હોય જેથી બોમ્બે માર્કેટ ઓવર બ્રિજ ઉતરતાથી ઇન્ટરસિટી ખાડી સુધી તેમજ ઇન્ટરસિટી ખાડીથી અવધ માર્કેટ સુધી નવા ઓવર બ્રિજના કામકાજ વાળા માર્ગ ઉપર જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખથી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી તમામ પ્રકરના લારી-ગલ્લા કે પાથરણા રાખવા અને તમામ પ્રકારના વાહનો ઉભા રાખવા તેમજ પાર્કીંગ કરવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવુ જનહિતાર્થે જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી મુજબ મળેલ સતાની રૂએ નીચ જણાવેલ વિસ્તારોમાં નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

## :: પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્ય ::

સુરત શહેરના બોમ્બે માર્કેટ ઓવર બ્રિજ ઉતરતા (પારસી પંચાયત પાર્કીંગના ગેટ)થી ઇન્ટરસિટી ખાડી સુધી તેમજ ઇન્ટરસિટી ખાડીથી અવધ માર્કેટ સુધી લારી-ગલ્લા કે પાથરણા રાખવા તેમજ કોઇ પ્રકારના વાહનો ઉભા રાખી શકશે નહી કે પાર્કીંગ કરી શકશે નહી.

## :: અપવાદ ::

પોલીસ વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનોને સદર પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખથી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર
સુરત શહેર, સુરત.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશનર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઇન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૨૦) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
સુરત શહેર, સુરત.